# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રડે ખોટું, સડે પૂરાવા, શરમ નડે છે,
છે સૌ એકના એક, નાટકી રણે ચડે છે,
પડે મેદાને, મર્યાદા રાખી, કેજરી પણ -
પડી નથી પ્રજાની, સૌ સ્વાર્થ સારૂં લડે છે

## હાઈકુ

રડાવે સૌને
'લીલાં ભેગાં સૂકાં' ને
'રોકડગીરી'

દિવાળી પછી,
પક્ષોમાં પ્રકટશે
ટિકીટ - હોળી..

## ચિંતન

**પશ્યતિ પરસ્ય યુવતિં સકામપિ તન્મનોરથં કુરૂતે ।**
**જ્ઞાત્વૈવ તદ્પ્રાપ્ય વ્યથૈ મનુજો હિ પાપ ભાગ્ભવતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'કામી મનુષ્ય અન્યની સ્ત્રી-યુવતીની સામે કામેચ્છા ભરી નજરે અને દુષ ભાવનાઓ વડે જુએ છે પછી તેને માપવાનાં મનમાં ખોટા મનોરથ પણ કરે છે, દૂષિત-વિચાર અને કલ્પનાઓ પણ કરે છે, અને જયારે એ 'સ્ત્રી' નહીં જ મળે એવી એને જાણ થાય કે ખાતરી થઇ જાય, ત્યારે એ દુઃખી થાય છે : આમ કાર્ય સધાયા વિના જ માણસ વ્યર્થ પાપનો ભાગીદાર બને છે.'

સદ્વાચન, સત્સંગ, સદ્વિચારનો અર્થ જ એ છે કે આપણા માનસિક વિચાર અને કલ્પનાઓમાં 'સદ્-ભાવ' સચવાઇ રહે, પવિત્ર વાતાવરણ-પવિત્ર વિચાર આપે છે.

સારા વિચારની આચરણ પર અસર પડે છે. શુધ્ધ અને પવિત્ર આચરણથી ચારિત્ર્યનું ઘડતર થાય છે. જો વિચારનો પાયો જ નબળો હોય તો ચારિત્ર્ય નબળું ચણાય છે. અને માનવતાનું પતન થાય છે. આજે 'બળાત્કાર'ની જંગાલિયત મને માનવ હિંસક પ્રાણીઓની સંખ્યા વધી છે એનું કારણ દુષિત વિચાર છે જે ફિલ્મો-ટીવી-વીડિયો અને મોબાઇલ ચિત્રો દ્વારા મનને ડહોળી નાખે છે માનસિક પાપ-બળપૂર્વક આચરણમાં ઉતરે છે.

## સુવિચાર

- દુઃખનું કારણ આપણી ચિતવૃત્તિઓનો આપણા સ્વભાવ પર પડતો પ્રભાવ છે- **ગીતા**
- દુઃખીજનોને સહાય કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના માટે જોડેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે - **વિવેકાનંદ**
- દુઃખ દરમિયાન મન જે નીતિ, સિધ્ધાંત અને આદર્શને સાચવી શકે તે સજ્જનની સાચી કસોટી છે - **બાયરન**
- દુઃખને આપણે જાતે જ આમંત્રણ આપીએ છીએ એને કોઇ મોકલતું નથી - **મેરી કેરોલી**
- દુઃખ તો શક્તિ સંપાદન માટેની માનસક્રિયા છે તેનાથી થાકી-હારી જવાય નહીં - **શેખ સાદી**
- ઇશ્વર બધી જ આપણી ઇચ્છા, માગણીઓ પ્રમાણે જ વર્તે છે એવી અપેક્ષા જયારે સફળ ન થાય ત્યારે દુઃખ થાય છે - **પટચા સ્વામી**

## બોધ કથા

આજકાલ સરકારી નોકરી મળે છે કયાં? મળે તો પણ 'શોષણવાળી', જેને મળી છે એ કામ કયાં કરે છે. ધરણાં-કાળી પટ્ટી-માસ સીએલ - ને રોજ ચાલુ કચેરીએ જ સીએલ ભોગવતા હોય તે સચિવાલયવાળા - એક સીએલ શું કામ બગાડે? કામ પ્રત્યે કોઇને વફાદારી નથી, ઓછું કરીને કે ન કરીને જ પગાર ખપે છે... બેન્કવાળા તો નાક જ દાબે!

જો મમતા'જેવી સરકાર હોય તો ખરેખર બ્રેક કરી 'સહાયકો'થી જ સરકાર ચલાવે, પછી હળતાલીયા કયાંય ના ય ન રહે!

પાલતું પશુઓ, ગાય-બકરી-ભેંસ-ઘોડા-ગધેડા જેને એના માલિક સારી રીતે રાખતા હતા. ખવડાવે-પીવડાવે અને કામ પણ લે.. નિયમિત બે ટાઇમ-ખાવા-પીવા મળતું છતાં પશુઓને સંતોષ ન હતો અને ગણગણાટ શરૂ કર્યો. વેકેશન - આરામ - નથી મળતો..

સંગઠન બનાવ્યું. હળતાડનું નક્કી થયું. બધાં પોતે પોતાના જૂના માલિકોને છોડી જંગલમાં ચાલ્યાં ગયા. જંગલમાં બધાંને થોડા દિવસ સુધી ચાલે એટલો ખોરાક પણ મળી ગયો. ત્યાં જંગલી રાની પશુઓને ખબર પડી, હળતાલીયાં પશું આવ્યાં છે - ને એક પછી એકનો શિકાર થવા લાગ્યો..

પાલતુઓને ભુલ સમજાઇ એકએક કરી ફરજ પર હાજર થઇ ગયાં.. ચૂંટણીના કામે..

# પેલી મેઘાણીની ચારણ કન્યા સમી સ્વાતબાળા વહેલી તકે સાજી થઇ તાલિબાનના મહિષાસુર વિરૂધ્ધ એનો અધૂરો જંગ આરંભે, એવી શુભેચ્છા અને દુઆ તો જરૂર પાઠવીએ

## મલાલા : અભિનવ મહિષાસુર મર્દિની

- કેશુભાઇ પટેલ

દુર્ગા કયારેક સ્વાત ખીતમાં મલાલા યુસૂફ્ઝાઇ સ્વરૂપે પણ અવતરી શકે. ચૌદ વરસની કાચી કુમળી બાલિકા રણચંડી બની તાલિબાન રૂપી રાક્ષસની સામે જુધ્ધે ચડે, એ જ શું આખી માનવજાત માટે મોટું આશ્વાસન નથી? તાલિબાન નામનાં મહિષાસુરને હણવા માટે જ મલાલા નામની એ અભિનવ અંબિકા જન્મી હોવી જોઇએ. નહીંતર જ્યાં સ્ત્રી માત્રના મોઢે અલીગઢનું તાળું લાગેલું રહેતું હોય એવી કટ્ટરપંથી જમાત વચ્ચે આવડી અંગૂઠા જેવડી છોકરી કન્યા શિક્ષણનો ઝંડો લઇને ઘરનો ઉંબરો ઓળંગી જ કેવી રીતે શકે?

ઝવેરચંદ મેઘાણીની પેલી ચૌદ વરસની ચારણ કન્યાની યાદ અપાવતી સ્વાત ઘાટીની મલાલા તાલિબાનને જીવતો સળગાવી દે એવી ચિનગારી છે. તાલિબાનને એની આ છૂપી તાકાતનો અંદાજ આવી ગયો હતો. એટલે સ્તો વૃધ્ધો, સ્ત્રીઓ અને બાળકો સામે બંદૂક નહીં ઉઠાવવાનો ઇસ્લામી હુકમ પાળતાં હોવાના પોકળ દાવા કરતા રહેતા તાલિબાનને એનો ડર લાગ્યો અને દુશ્મનને ઊગતો જ ડામી દેવાની રણનીતિ મુજબ એને ઠાર મારવાનો પ્રયાસ થયો. બબ્બે ગોળીઓ માર્યા છતાં બચી ગયેલી મલાલાને તાલિબાને બરાબર દાઢમાં રાખી છે. તેવી તક મળશે કે તે ફરીથી જીવલેણ હુમલો કરશે, એવી ખુલ્લી ધમકી પણ આપી છે. મલાલા ચિનગારીમાંથી જવાળા બની તાલિબાન સામે જોખમ ઊભું કરે એ પહેલાં જ એનો નિકાલ કરી દેવાની રાક્ષસી નિયત બર ન આવે એ જોવાની ફરજ પાકિસ્તાન સરકારની છે.

હાલ પૂરતી તો પાકિસ્તાન સરકાર મલાલાને મોતનાં સકંજામાંથી ઉગારવા માટે પ્રામાણિક કોશિશ કરી રહી હોય એવું લાગે છે. એને શ્રેષ્ઠ સારવાર મળે તે માટે ખાસ હવાઇ એમ્બ્યુલંસ મારફ્ત લંડન લઇ જવાઇ છે. એની સારવારનો તમામ ખર્ચ પાકિસ્તાન સરકાર ભોગવવાની છે. આવી શુભચેષ્ટા બદલ દુનિયામાં પાકિસ્તાન પ્રત્યે સદ્ભાવ જાગે, એ પણ સ્વાભાવિક છે. પરંતુ પાકિસ્તાન સરકારનું આ પગલું વિશ્વમાં મલાલા પ્રત્યે જાગી ઊઠેલી સહાનુભૂતિનો લાભ ઓળગી લેવાનુ તો નથી? - જે દેશનું લશ્કર આજ સુધી તાલિબાનની પીઠ પંપાળતું રહ્યું હોય, જયાં ઓસામા બિન લાદેનને લશ્કરી છાવણીની છત્રછાયા હેઠળ અભયદાન મળતું હોય, એવા દેશની સરકાર જયારે એક નાનકડી છોકરી પાછળ આટલાં હેત દાખવવા લાગી છે. ત્યારે એની દાનત વિશે શંકા ન જાગે તો જ નવાઇ. અમેરિકા અને અન્ય રાષ્ટ્રોનો વિશ્વાસ જીતવા આ એક હાથવગું બહાનું મળી ગયું અને પાકિસ્તાન સરકારે એનો વ્યૂહાત્મક વિનિયોગ કરી દીધો, એવું અર્થઘટન જ વિશેષ પ્રમાણમાં માન્ય ઠરશે. પરંતુ આપણે પાડોશી રાષ્ટ્ર પ્રત્યે શુભેચ્છા દાખવીએ અને એની નીયત પર શંકા કર્યા વગર પેલી સ્વાતબાળા વહેલી તકે સ્વસ્થ થઇ એના મિશનને બમણાં જોશથી આગળ ધપો એવી દુઆ ગુજારીએ.



મલાલા એ ઘનઘોર અંધારી રાતમાં ઝબૂકતી વીજરેખાનું નામ છે. એ સમસ્ત વિશ્વ માટે એક ઉજળી આવતીકાલની આશાનું કિરણ છે. અગિયાર વરસની ઉંમરે એણે તાલિબાનના જુલ્મી હુકમને અવગણી છોકરીઓને ઘર બહાર નીકળવા હાકલ કરી હતી. સ્વાત ઘાટીનું કુદરતી સૌંદર્ય એ રમણીય પ્રદેશને પૃથ્વી ઉપરનાં સ્વર્ગની ઓળખ અર્પે છે. પરંતુ તાલિબાની રાક્ષસના પ્રવેશ પછી એ સ્વર્ગ ત્યાં ગરીબડી પ્રજા માટે નર્કાગારમાં ફેરવાઇ ગયું છે. પાકિસ્તાન સરકાર ભલે ગમે તેટલી ગુલબાંગો પોકારતી ફરે પરંતુ તાલિબાન પર નિયંત્રણ મેળવવામાં એને સરિયામ નિષ્ફળતા જ સાંપડતી રહી. ખુદ લશ્કર ફૂટેલું ચે. વળી લશ્કર એટલું શક્તિશાળી છે કે ચૂંટાયેલી સરકારનો એ કોઇ પણ ક્ષણે, કોઇ પણ બહાના હેઠળ ઘડો લાડવો કરી શકે છે. સરકારને ટકવા માટે લશ્કર અને તાલિબાન બેઉની રહેમ નજર જોઇતી હોય ત્યાં એ નાગરિક અધિકારોનાં રક્ષણ માટેનાં જે કંઇ દાવા કરે તે વાતોનાં વડાં જ પુરવાર થાય, એ સ્વાભાવિક છે.

તાલિબાનના પ્રવેશ પૂર્વે સ્વાત ઘાટીમાં છોકરીઓ અને સ્ત્રીઓ પર આવા ક્રૂર પ્રતિબંધ નહોતા. સ્ત્રીઓ શોપિંગ માટે બહાર નીકળતી, કામ પર જતી અને છોકરીઓ નિશાળે જતી. તાલિબાને આ તમામ બાબતોને શરિયતન તોહીન ગણાવીને સ્ત્રીઓને પોતપોતાના ઘરમાં નજરકેદ જેવી સ્થિતિમાં મુકી દીધી. છોકરીઓને ભણાવવા પણ પ્રતિબંધ લાદી દીધો. ચારસો જેટલી શાળાઓને રાતોરાત તાળાં લાગી ગયા. મલાલાથી આ જુલમ જીરવાયો નહીં. એણે 'ગુલ મકઇ' જેવા તખલ્લુસથી અગિયાર વર્ષની વયે ડાયરી લખવા માંડી. એ ડાયરી વાંચીને એના પિતાએ પણ દીકરી પર નાઝ થયું. 'મલાલા'નો અર્થ તો 'વિષાદમાં મગ્ન - શોકાતુર' જેવો થાય. પરંતુ એમની દીકરી તો શોકમાં વાદળો વચ્ચે ઝબૂકતી આશાની વીજળી જેવી હતી. એ ડાયરી બીબીસી પાસે પહોંચી જતાંની સાથે જ મલાલાનો રાજયોગ શરૂ થઇ ગયો. સ્વાત ઘાટીની એ વિદ્રોહી બાલિકા વિશ્વ આખામાં માનવ અધિકારોની મશાલ તરીકે જાણીતી બની ગઇ. એની પાસે ઉંમર કરતાં આગળ વિચારી શકે એવું મેધાવી મગજ છે, મડદાં બેઠાં કરી શકે એવી જાદુઇ વાણી છે. એણે ચેતનાની જ્યોત જલાવીને દરેકે દરેક કન્યાએ ભણવું જોઇએ - કેળવણી મેળવવી જોઇએ. એની ખુલ્લી ઝુંબેશ આરંભી. તાલિબાન આવી હરકત સાંખી જ કેવી રીતે શકે? આખરે એ નાનકડી ફૂલપરીના માથામાં જ ગોળી ધરબી દીધી જે એનું મગજ વીંધી શકે કરોડના મણકાઓ વચ્ચે ઘૂસી ગઇ. પાકિસ્તાની ડોકટરોએ ભારે જહેમત ઉઠાવીને એ ગોળી કાઢી તો ખરી પરંતુ વેન્ટિલેટર પર જીવતી બેહોશ મલાલાની સ્થિતિમાં વિશેષ ફેરફાર ન વરતાતાં એને એર એમ્બ્યુલંસ મારફ્ત વધુ સારી સારવાર મળે તે માટે લંડન મોકલાવી દીધી.

આ આંતરરાષ્ટ્રીય રાજનીતિનું વ્યૂહાત્મક પગલું છે. પાક સરકાર મલાલાના ખભા પર બંદૂક રાખીને એનું ધાર્યું નિશાન પાડવા માગે છે. મલાલા પ્રત્યે આખા વિશ્વમાં સહાનુભૂતિનાં ઘોડાપૂર ઊમટ્યાં છે. પાકિસ્તાન એ સહાનુભૂતિને વટાવી લેવાની વેંતરણમાં છે. માનવ અધિકારોનાં હનનમાં હરહંમેશ અગ્રભૂમિકા ભજવતું રહેલું પાકિસ્તાન મલાલાના મુદ્દે માનવ અધિકારોના રક્ષક સ્વરૂપે દુનિયા આખી પાકિસ્તાનને બરાબર ઓળખે છે, એટલે આતંકવાદને પોષનારા આપણા પાડોશી મુલક વિશે આપણે ખોટા ભ્રમમાં ન રહીએ તે જરૂરી છે. પરંતુ પેલી મેઘાણીની ચારણ કન્યા સમી સ્વાતબાળા વહેલી તકે સાજી થઇ તાલિબાનના મહિષાસુર વિરૂધ્ધ એનો અધૂરો જંગ આરંભે, એવી શુભેચ્છા અને દુઆ તો જરૂર પાઠવીએ.

# પ્રત્યેક વનસ્પતિના વૃધ્ધિ દર પ્રમાણે મૂળ જમીનમાં અને પર્ણો આકાશ તરફ આગળ વધ્યા કરે છે, શું આ એક પ્રકારનું હલનચલન નથી?

## વન્યસૃષ્ટિ પરિચય

### વનસ્પતિ પણ હલન-ચલન કરે છે?

- હેમંત સુથાર

પૃથ્વી પરના સજીવોના બે સમુદાયો વનસ્પતિ અને પ્રાણીઓ વચ્ચે જો કોઇ મુખ્ય તફાવત હોય તો તે એ છે કે મોટાભાગનાં પ્રાણીઓ તેમના અંગ ઉપાંગોની મદદથી હલન-ચલન કરી શકે છે. જયારે વનસ્પતિ એક સ્થળેથી બીજા સ્થળે અંતર કાપીને જઇ શકતી નથી. તેથી તે હલન - ચલન કરી શકતી નથી તેવું કહેવાય.

પ્રાણીઓ અને વનસ્પતિ બંને શ્વસન કરે છે, વૃધ્ધિ - વિકાસ કરે છે તેમની અંદર જુદા જુદા તંત્રો ચોક્કસ કાર્યો કરે છે. તે રીતે વનસ્પતિ અને પ્રાણીઓ સરખાં છે. વાત ફક્ત હલનચલન પુરતી જ રહે છે. આ વિષયે ઊંડાણપૂર્વક વિચારવામાં આવે અને જુદી જુદી વનસ્પતિઓનાં જીવનકાળ કે વૃધ્ધિકાળનું અવલોકન કરવામાં આવે તો જાણવા મળશે કે વનસ્પતિ પણ હલનચલન કરે છે. પ્રાણીઓની જેમ અંગ - ઉપાંગોની મદદથી તેમનું હલન-ચલન ભલે ન થતું હોય પણ વનસ્પતિઓનું હલનચલન કદાચ તેનાથી વિશેષ ક્ષમતાઓ અને ગૂઢ શક્તિઓથી થાય છે તેવું માનવું પડે.

જમીન પર પડેલું બીજ વરસાદના અમી છાંટણાં થતાં જ ઉગી નીકળે છે. ગમે તે સ્થિતિમાં જમીન પર બીજ પડ્યું હોય ઊંધું - છત્તું, આડું-અવડું કે ઊભું બીજ ઉગે છે, ત્યારે તેનો મૂળનો ભાગ જમીન તરફ અને પર્ણ ભાગ આકાશ તરફ જ જાય છે. પ્રત્યેક વનસ્પતિના વૃધ્ધિ દર પ્રમાણે મૂળ જમીનમાં અને પર્ણો આકાશ તરફ આગળ વધ્યા કરે છે. શું આ એક પ્રકારનું હલનચલન નથી?

જમીન પર ઊગી નીકળતાં વેલાઓની શાખાઓ નજીકમાં કોઇ આધાર શોધીને તે આધારના ટેકાથી આગળ વધે છે. આધારની જાડાઇ, ઊંચાઇ, શાખાઓ કે કંટકો વચ્ચેનું અંતર બધુ જ ગણતરીપૂર્વક ધ્યાનમાં લઇને વેલાઓ આગળ વધ્યા કરે છે નજરે જોઇને શક્તિ વનસ્પતિના વેલાઓ નજીકના આધારરૂપ પદાર્થોને શોધી કાઢે છે તે દિશા તરફ પોતાની શાખાઓ પ્રશાખાઓ ફેલાવે છે અને આધાર મળતાં જ ફેલાઇ જાય છે, વનસ્પતિનું શું આ હલનચલન ન ગણાય?

સપુષ્પી વનસ્પતિ ના ફૂલોમાં પુંકેસર અને સ્ત્રીકેસરની પરાગનયનની ક્રિયા પરાગરજના વહન વગર શક્ય નથી. છતાં હજ્જારો પ્રકારની વનસ્પતિઓમાં પરાગરજ એક ફૂલથી બીજા ફૂલ કે એક છોડ/વૃક્ષથી બીજા છોડ કે વૃક્ષ સુધી પરાગરજ પહોંચે છે. ભલે તે માટનું માધ્યમ હવા અને પાણી જેવા ભૌતિક માધ્યમોથી લઇ કીટકો, અને પ્રાણીઓ જેવા જીવિત માધ્યમો હોય. આ કાર્ય વનસ્પતિ ફૂલોની રચના, આકાર, સ્થિતિ તથા વહન કરી શકવા માટેની ક્ષમતા ધ્યાને રાખીને કરે છે. વનસ્પતિ કદાચ વિચારે છે અને પોતાના માટે ઉપયોગી માધ્યમના ગુણોનો લાભ લે છે.

હવામાં વહન થતાં બીજની રચના તાંત્રિક રીતે યોગ્ય થાય તે માટે તાંતણા, રૂ કે બીજની પહોળાઇ વનસ્પતિઓ ગોઠવે છે.

વનસ્પતિની બીજ વહન કરાવી શકવાની ક્ષમતા માટે પણ આ વાત તેટલી જ લાગુ પડે છે. આંકડાનું પેરાશૂટના સ્વરૂપે તાંતણા સાથે જોડાયેલ બીજ તેની રચના અને હવાની મદદથી લાંબા અંતર સુધી વહન કરે છે. ગોખરાનાં કાંટાળા બીજ ઘેટાં - બકરાંના વાળ પર ચોટીને લાંબા અંતર સુધી પહોળી જાય છે. આ માટે બીજમાં ચોક્કસ પ્રકારની બનાવટ જેને વનસ્પતિમાં સમજશક્તિ હોવાના પુરાવા સમાન હોય છે.

આ હકીકતો અને ઉદાહરણો વનસ્પતિ હલનચલન કરી શકે છે. તે સમજવા માટે પૂરતાં છે. તેમાં પણ વિશેષતા એ છે કે તે અન્ય ભૌતિક અને જૈવિક વાહકોની મદદ લે છે, તેમનો ઉપયોગ કરે છે જે બુધ્ધિ શક્તિ કે સમજશક્તિ વગર શક્ય નથી તેવું માની શકાય.

● તે માટે બીજ કે ફૂલના આકાર, બનાવટ, રંગો, સ્વાદ, સુગંધ, કદ, સંખ્યા જેવી બાબતોની પૂરતી કાળજી રાખવી પડે છે.

# રેસ જયુડીકેટા - પૂર્વનિર્ણીત બાબતની સમજૂતી : સીવીલ પ્રોસીઝટ કોડ કલમ - ૧૧

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

દરેક દેશોની કાનૂની પધ્ધતિમાં એવા સિધ્ધાંતનો સ્વીકાર કરવામાં આવેલ છે. "એક વાદગ્રસ્ત વિષયવસ્તુના ઉકેલ માટે એક દાવો અને એક જ હૂકમ પુરતા છે."

રેસ જયુડીકેટા એટલે પૂર્વનિર્ણીત બાબત રેસ જયુડીકેટાનો સિધ્ધાંત ભૂતકાળની અને ભવિષ્યકાળન કાર્યવાહીને અસર કરે છે. હકીકતની બાબત હોય કે કાયદાનો પ્રશ્ન હોય સમાન પક્ષકારો વચ્ચે થયેલા નિર્ણય બંને પક્ષકારોને બંધન કર્તા રહે છે. આવા નિર્ણય વિરૂધ્ધ અપીલ કે સ્વીકાર કરવામાં આવી હોય તો ઉપલી કોર્ટનો નિર્ણય અને અપીલ કે સ્વીકાર બીજા પક્ષકારોને બંધન કર્તા રહે છે. આ કાયદાનો હેતુ એ છે કે બંને પક્ષકારો વચ્ચેનાં વિવાદનો અંત લાવવો આવા સંજોગોમાં એરક કાયદાકીય કાર્યવાહી દરમિયાન અગાઉનાં સમયે છેલ્લો હુકમ પણ આવી જ રીતે બંધનકર્તા ગણાય અને તે જ હકીકત કાર્યવાહીના અન્ય તબક્કે ફરી ઉપસ્થિત કરી શકાય નહીં.

સીવીલ પ્રોસીઝટ ક્રોડ કલમ - ૧૧ માં રેસ જ્યુડીકેટા અંગે જોગવાઇ જાણવામાં આવેલ છે. એક જ વિષય વસ્તુના હક્કની વાદ તકરાર ચલાવનારા એક જ પક્ષકારો વચ્ચે અથવા જે પક્ષકારો તરફથી એક કોઇ પોતાનો હક્ક મળેલો રહેતો કહેતો હોય અને તેમની વચ્ચે પહેલા ચાલતા કોઇ દાવામાં જે તે બાબત પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારી હોય એટલે કે એ જ માલ મિલકત કે તકરારને લગતી હોય તો અગાઉ કરેલ દાવાનો નિર્ણય બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

આ કલમના હેતુઓ માટે કોઇ કોર્ટને યોગ્ય અધિકાર છે કે નહીં તે અંગેનો નિર્ણય, અપીલ કરવાના હક્કને લગતી કોઇ પણ જોગવાઇઓને ધ્યાનમાં લીધા વગર કરવાનો રહે છે.

એક પક્ષકારે અગાઉના દાવામાં આવી તકરાર ઉપસ્થિત કરેલ હોય અને બીજા પક્ષકારો તેની રીતે ઇન્કાર કે સ્વીકાર કરેલ હોય, તો અન્ય કોર્ટમાં ફરી તકરાર ઉઠાવી શકાય નહીં.

દાવા, અરજમાં જે દાદ માંગવામાં આવેલ હોય તે પણ પરંતુ નામદાર કોર્ટે હુકમનામાઓ સ્પષ્ટ રીતે આપેલ ના હોય તેવી તમામ દાદ આ કલમના હેતુઓ માટે આપવાની નામદાર કોર્ટ સ્પષ્ટ ઇન્કાર કરી શકે છે.

કોઇ પણ વ્યક્તિ કોઇ સાર્વજનિક હક્ક વિશે અથવા પોતાના અને બીજાઓનાં મજીયારા, સહિયારા અધિકાર તરીકે દાવો કરેલ હોય તેવા કોઇ ખાનગી હક્ક વિશે વ્યક્તિઓ, શુધ્ધ બુધ્ધિથી કોર્ટમાં દાવામાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓ આ કલમના હેતુઓ માટે તે દાવો ચલાવારી વ્યક્તિઓ આવો દાવો ચલાવતી હોય ત્યારે તે હક્કમાં મળતો હક્ક રાખનાર વ્યક્તિ છે, તેમ ગણવામાં આવે છે.

કોઇ પણ દાવાને રેસ જ્યુડીકેટાનો સિધ્ધાંત ત્યારે લાગે છે, જયારે એક જ પક્ષકારો વચ્ચે બંને કાર્યવાહી હોવી જોઇએ કે તેમના વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ વચ્ચે આવી કાર્યવાહીઓ અગાઉ થયેલી હોય, દાવાની વિષયવસ્તુ તકરારની બાબત સરખી હોય, હૂકમત ધરાવતી કોર્ટમાં ફેસલા થયેલાં હોય તેમજ અગાઉ દાવાનો આખરી નિર્ણય થઇ ગયેલ હોય તેમજ જૂના અને નવા દાવામાં નિર્ણય માટે સરખા મુદ્દા ઉપસ્થિત થતા હોય તેવા સંજોગોમાં નામદાર કોર્ટ રેસ જ્યુડીકેટાનો સિધ્ધાંત અમલમાં મુકી નિર્ણય આવે છે. પરંતુ અગાઉનો દાવો હૂકમતનાં મુદ્દા ઉપર, ખર્ચની રકમની જામીનગીરી પુરી પાડવાની નિષ્ફળતા માટે પક્ષકારોની ગેરહાજરી માટે, હૂકમનામું મેળવવાના હક્કદાર પક્ષકારની વહીવટી હૂકમો પુરા પાડવાની નિષ્ફળતાના પગલે રેસ જ્યુડીકેટાનો સિધ્ધાંત લાગુ પડતો થી.


દારાપસ બામનશા મઢોરા વિ. નરીમાન બામનશા મેઢોરાના કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ જણાવેલ એક જ વિષયવસ્તુ અંગેના બે વિરૂધ્ધ દાવાઓ દાખલ થયા હોય અને એક જ ચુકાદા દ્વારા નક્કી કરેલ હોય અને અપીલ માત્ર એક જ હૂકમનામા વિરૂધ્ધ કરવામાં આવે અને બીજા બાબત અંગે અપીલ કરવામાં ના આવે ત્યારે પૂર્વ નિર્ણય બાદ હૂકમ લાગુ પડશે.

રેસ જ્યુડીકેટાનો સિધ્ધાંત રીટને પણ લાગુ પડે છે. પરંતુ ફેબીયર્સ ક્રોપર્સન, રીટે રેસ ડ્યુડીકેટાનો સિધ્ધાંત લાગુ પડતો નથી. આ સિધમધાંત દાવા - દુવીનાં અંત આવવા માટે અને કોર્ટના નિર્ણયને સમાજ સ્વીકારે તે માટે ઘટેલ છે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૧મી ઓકટોબર**



● ગુજરાતી સાહિત્યમાં હાસ્યના ભીષ્મ પિતામહ જયોતિન્દ્ર દવેનો જન્મ ૨૧.૧૦.૧૯૦૧.

'વાંચો તો હસો', સાંભળો તો જોરથી હસો તેવા જ્યોતિન્દ્ર દવે. મર્મજ્ઞ વિવેચક તથા સંગીતના પણ જાણકાર હતા. અનેક એવોર્ડ, પ્રમુખ સ્થાન મળ્યા. ૧૧.૯.૧૯૮૦ માં તેમનું અવસાન થયું.

● ૧૮૬૩ - ભારતમાં પ્રથમવાર વીજળીનો દીવો ચાલુ થયો.

● ૧૯૫૧ - શ્યામાપ્રસાદ મુખર્જીનાં હસ્તે સાંજે ૪ : ૦૦ કલાકે ભારતીય જનસંઘની સ્થાપના.

● ૧૯૮૪ - કલકત્તામાં પ્રથમ - ભૂગર્ભ રેલ્વે દોડી.

● ૧૮૩૩ - દારૂગોળાનાં શોધક - નોબેલ પ્રાઇઝના સ્થાપક આલ્ફ્રેડ નોબેલનો સ્વીડનમાં જન્મ.

● ૧૯૭૦ - ભારતનાં મહાન વૈજ્ઞાનિક ડો. ચંદ્રશેખર વ્યંકટેશ રામનનું અવસાન.

● ૧૯૩૩ - સરદાર વલ્લભભાઇ પટેલનાં મોટાભાઇ વિઠ્ઠલભાઇ પટેલનું અવસાન.